નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કન્ડમ થયેલ ગાડી નં. જી.જે.૧૮ જી.૨૯૭૧(ટોયોટો-ઇનોવા) ની તળીયાની કિંમતમાં ૫૦% ઓછા ભાવ સુધીની હરાજીને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/EOD/e-file/૧૭/૨૦૨૧/૦૦૦૨/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૧/૦૧/૨૦૨૨

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૩/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૮૬૮/૨૦૨૧/ખ.

(૨) અધિક ઇજનેરશ્રી, અમદાવાદ યાંત્રિક(માર્ગ અને મકાન) વર્તુળ, વસ્ત્રાપુર, અમદાવાદનો તા:૦૯/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક:MC/PB/30/F-8/WOC-96/3247 of 2019.

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા:૦૬/૦૫/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:જીટીએસ-૧૦૨૦૧૩-૧૦૨૦૦૧૩૦૨૬-પાર્ટ-ઘ.

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ:(૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા:૧૩/૧૨/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કન્ડમ કરવામાં આવેલ ગાડી નં. જી.જે.૧૮ જી.૨૯૭૧(ટોયોટો-ઇનોવા)ની વંચાણે લીધેલ ક્રમ:(૨) પરના અધિક ઇજનેરશ્રી, યાંત્રિક વર્તુળ(માર્ગ અને મકાન) વસ્ત્રાપુર, અમદાવાદ દ્વારા નિયત કરવામાં આવેલ તળીયાની કિંમત અન્વયે હરાજી અંગે બે વખત જાહેર ખબર આપી પ્રક્રિયા કરતાં, તળીયાની કિંમતના ૨૫% કરતાં ઓછી કિંમતની ઓફર મળતાં વંચાણે લીધેલ ક્રમ:(૩) પરના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૦૬/૦૫/૨૦૧૦ના ઠરાવના ક્રમ:૦૨ માં કરેલ જોગવાઇ "જ્યાં બે વખત જાહેરાત આપવામાં આવી હોય અને તળિયાની કિંમત કરતાં ઓછી કિંમતની ઓફર મળી હોય તો તળીયાની કિંમત કરતાં ૨૫ % ઓછા ભાવે હરાજી મંજૂર કરવાની સત્તા ખાતાના વડાને આપવામાં આવેલ છે, તથા તળિયાની કિંમતના ૨૫% કરતાં ઓછા ભાવથી પણ નીચી ઓફર મળી હોય તો જે તે વહીવટી વિભાગના નાણાકીય સલાહકારની મંજૂરી મેળવીને વિભાગ તળિયાની કિંમતના ૫૦% ઓછા ભાવ સુધીની વાહનની હરાજીને મંજૂરી આપી શકશે" મુજબ વાહનની તળિયાની કિંમતના ૫૦% સુધી ઓછા ભાવે હરાજીની મંજૂરી આપવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કન્ડમ થયેલ ગાડી નં. જી.જે.૧૮ જી.૨૯૭૧(ટોયોટો-ઇનોવા)ની નિયત કરવામાં આવેલ તળીયાની કિંમતના ૫૦% ઓછા ભાવ સુધીની હરાજીને મંજૂરી આપવા આથી ઠરાવવામાં આવે છે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.)ની તા:૦૩/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે
8. પસંદગી ફાઇલ- ૨૦૨૨.